## સ્વાધ્યાય 2.4

**1. અમીના એક સંખ્યા ધારે છે. તે આ સંખ્યામાંથી $\frac{5}{2}$ બાદ કરી અને મળેલ પરિણામનો 8 વડે ગુણાકાર કરે છે. જો મળેલ નવું પરિણામ ધારેલ સંખ્યાનું ત્રણ ગણું હોય તો અમીને ધારેલી સંખ્યા શોધો.**

જ. ધારો કે અમીનાએ ધારેલી સંખ્યા $x$ છે.

અમીના ધરેલી સંખ્યામાંથી $\frac{5}{2}$ બાદ કરે છે. તેથી $x-\frac{5}{2}$ થાય.

મળેલા પરિણામને 8 વડે ગુણતાં મળતું પરિણામ ધારેલી સંખ્યાનું ત્રણ ગણું મળે છે.

તેથી, $8\left(x-\frac{5}{2}\right)=3x$

$\Rightarrow 8\left(x-\frac{5}{2}\right)=3x$

$\Rightarrow 8x-\frac{8\times5}{2}=3x$

$\Rightarrow 8x-4\times5=3x$

$\Rightarrow 8x-20=3x$

$\Rightarrow 8x-3x=20$

$\Rightarrow 5x=20$

$\Rightarrow x=4$

તેથી, અમીનાએ ધારેલી સંખ્યા 4 છે.

**2. બે ધન સંખ્યાઓમાં પહેલી સંખ્યા બીજી સંખ્યા કરતાં 5 ગણી છે. દરેક સંખ્યામાં 21 ઉમેરતાં નવી મળેલ બંને સંખ્યાઓમાંથી પહેલી સંખ્યા બીજી સંખ્યા કરતાં બમણી થાય છે, તો મૂળ સંખ્યાઓ શોધો.**

જ. ધારો કે બીજી સંખ્યા $x$ છે. તેથી પહેલી સંખ્યા $5x$ થાય.

સંખ્યાઓમાં 21 ઉમેરતાં, બીજી સંખ્યા $x+21$ તેમજ પહેલી સંખ્યા $5x+21$ થશે.

રકમ મુજબ સંખ્યાઓમાં 21 ઉમેરતાં પહેલી સંખ્યા બીજી સંખ્યા કરતાં બમણી થાય છે.

$\Rightarrow 5x+21 = 2(x+21)$

$\Rightarrow 5x+21 = 2x+42$

$\Rightarrow 5x-2x = 42-21$

$\Rightarrow 3x = 21$

$\Rightarrow x = 7$

તેથી, બીજી સંખ્યા 7 તેમજ પહેલી સંખ્યા $5x = 5 \times 7 = 35$ થશે.

**3. બે અંકની સંખ્યાના અંકોનો સરવાળો 9 છે. જો અંકોની અદલાબદલી કરતાં મળેલ નવી સંખ્યા, મૂળ સંખ્યા કરતાં 27 વધારે હોય તો, મૂળ સંખ્યા શોધો.**

જ. ધારો કે બે અંકની સંખ્યાનો એકમનો અંક $x$ છે.

એકમ અને દશકના અંકનો સરવાળો 9 થાય છે, તેથી દશકનો અંક $9-x$ થશે.

હવે, બે અંકો વાળી સંખ્યા = 10 × દશકનો અંક + એકમનો અંક

તેથી, મૂળ સંખ્યા = $10(9-x)+x$

અંકોની અદલાબદલી કરતાં મળતી સંખ્યા = $10x+(9-x)$

અંકોની અદલાબદલી કરતાં મળતી નવી સંખ્યા મૂળ સંખ્યા કરતાં 27 વધારે છે.

નવી સંખ્યા = મૂળ સંખ્યા + 27

$\Rightarrow 10x+(9-x) = 10(9-x)+x+27$

$\Rightarrow 10x+9-x = 90-10x+x+27$

$\Rightarrow 9x+9 = 117-9x$

$\Rightarrow 9x+9x = 117-9$

$\Rightarrow 18x = 108$

$\Rightarrow x = 6$

તેથી એકમનો અંક 6 તેમજ દશકનો અંક $9-x$ = 9 – 6 = 3 થશે.

મૂળ સંખ્યા 36 થશે.

**4. બે અંકની સંખ્યાના અંકો પૈકી એક અંક બીજા અંક કરતાં ત્રણ ગણો છે. અંકોની અદલાબદલી કરતાં મળેલ નવી સંખ્યાને મૂળ સંખ્યામાં ઉમેરતાં 88 મળે છે, તો મૂળ સંખ્યા શોધો.**

જ. ધારો કે બે અંકની સંખ્યાનો એકમનો અંક $x$ છે.

એક અંક બીજા અંક કરતાં ત્રણ ગણો છે, તેથી દશકનો અંક $3x$ થશે.

હવે, બે અંકો વાળી સંખ્યા = 10 × દશકનો અંક + એકમનો અંક

તેથી, મૂળ સંખ્યા = $10(3x)+x$

અંકોની અદલાબદલી કરતાં મળતી સંખ્યા = $10x+3x$

અંકોની અદલાબદલી કરતાં મળતી નવી સંખ્યા માં મૂળ સંખ્યા ઉમેરતાં 88 મળે છે.

નવી સંખ્યા + મૂળ સંખ્યા = 88

$\Rightarrow 10x+3x+10(3x)+x = 88$

$\Rightarrow 13x+30x+x = 88$

$\Rightarrow 44x = 88$

$\Rightarrow x = 2$

તેથી એકમનો અંક 2 તેમજ દશકનો અંક $3x = 3 \times 2 = 6$ થશે.

મૂળ સંખ્યા 62 થશે.

**5. સરોજની માતાની હાલની ઉંમર, સરોજની હાલની ઉંમર કરતાં છ ગણી છે. 5 વર્ષ પછી સરોજની ઉંમર તેની માતાની હાલની ઉંમર કરતાં ત્રીજા ભાગની થશે. તો બંનેની હાલની ઉંમર શોધો.**

જ. ધારો કે સરોજની હાલની ઉંમર $x$ વર્ષ છે.

હવે સરોજની માતાની ઉંમર સરોજની ઉંમર કરતાં છ ગણી છે,

એટલે કે સરોજની માતાની ઉંમર $6x$ વર્ષ થાય.

પાંચ વર્ષ પછી સરોજની ઉંમર $x+5$ થાય.

પાંચ વર્ષ પછી સરોજની માતાની ઉંમર સરોજની હાલની ઉંમર કરતાં ત્રીજા ભાગની થાય છે.

એટલે કે સરોજની માતાની ઉંમર $\frac{1}{3}x$ થશે.

ઉપરની વિગતો ને સમીકર સ્વરૂપે દર્શાવતાં,

$\Rightarrow x+5 = \frac{1}{3}x$

$\Rightarrow x+5 = 2x$

$\Rightarrow 2x = x+5$

$\Rightarrow 2x-x = 5$

$\Rightarrow x = 5$

તેથી, સરોજની ઉંમર 5 વર્ષ તેમજ તેણીની માતાની ઉંમર $6x = 6 \times 5 = 30$ વર્ષ થશે.

**6. મહુલી ગામમાં જમીનનો એક સાંકડો લંબચોરસ ટુકડો શાળા બનાવવા માટે ફાળવેલ છે. પ્લોટની લંબાઈ અને પહોળાઈનો ગુણોત્તર 11 : 4 છે. જો આ પ્લોટની ફરતે વાડ બનાવવા માટે ગ્રામપંચાયતને ₹ 100 પ્રતિ મીટરના દરે ₹ 75,000 ખર્ચ કરવા પડે, તો પ્લોટની લંબાઈ અને પહોળાઈ શોધો.**

જ. ધારો કે લંબચોરસ ટુકડાની લંબાઈ $11x$ તેમજ પહોળાઈ $4x$ છે.

લંબચોરસ પ્લોટ ફરતે વાડ કરવા માટે તેની પરિમિતિ શોધવી પડે.

₹ 100 ખર્ચ થાય તો વાડની પરિમિતિ = 1 મીટર

$\therefore$ ₹ 75,000 ખર્ચ થાય તો વાડની પરિમિતિ = ?

$= \frac{75000}{100}$

= 750 મીટર

આપણે જાણીએ છીએ કે,

લંબચોરસની પરિમિતિ = 2(લંબાઈ + પહોળાઈ)

$\therefore$ 750 = $2(11x+4x)$

$\therefore$ 750 = $2\times15x$

$\therefore$ 750 = $30x$

$\therefore$ $30x$ = 750

$\therefore$ $x$ = 25

તેથી, લંબચોરસની લંબાઈ = $11x$ = 11 × 25 = 275 મીટર

લંબચોરસની પહોળાઈ = $4x$ = 4 × 25 = 100 મીટર

**7. હસન ગણવેશ બનાવવા માટે બે પ્રકારનું કાપડ ખરીદે છે. શર્ટ માટેના કાપડનો ભાવ ₹ 50 પ્રતિ મીટર છે તથા પાટલુનના કાપડનો ભાવ ₹ 90 પ્રતિ મીટર છે. શર્ટના પ્રત્યેક 3 મીટર કાપડ માટે તે પાટલુનનું 2 મીટર કાપડ ખરીદે છે. તે આ કાપડને અનુક્રમે 12% તેમજ 10% નફા સાથે વેચે છે. તેને કુલ ₹ 36,600 મળે છે, તો તેને પાટલુન માટે કેટલું કાપડ ખરીદ્યું હશે?**

જ. હસન શર્ટના પ્રત્યેક 3 મીટર કાપડ માટે તે પાટલુનનું 2 મીટર કાપડ ખરીદે છે.

તેથી, શર્ટના કાપડ અને પાટલુનના કાપડ વચ્ચેનો ગુણોત્તર $3x:2x$ થાય.

₹ 50 પ્રતિ મીટર શર્ટના કાપડનો ખર્ચ = $50\times3x$ = $150x$

1 મીટર શર્ટના કાપડ પર થતો નફો = 12%

આપણને ક્યાલ છે કે ટકા હંમેશા 100 પર જ હોય છે.

1 મી શર્ટની કિંમત ₹ 100 હોય, તો વેચાણકિંમત = ₹ 112

$\therefore 150x$ મી શર્ટની કિંમત ₹ 100 હોય, તો વેચાણકિંમત = ?

$$= \frac{112\times100\times150x}{100}$$

$$= \frac{112\times150x}{100}$$

$$= 168x$$

₹ 90 પ્રતિ મીટર પાટલુનના કાપડનો ખર્ચ = $90\times2x$ = $180x$

1 મીટર પાટલુનના કાપડ પર થતો નફો = 10%

આપણને ખ્યાલ છે કે ટકા હંમેશા 100 પર જ હોય છે.

1 મી પાટલુનની કિંમત ₹ 100 હોય, તો વેચાણકિંમત = ₹ 110

$\therefore 150x$ મી પાટલુનની કિંમત ₹ 100 હોય, તો વેચાણકિંમત = ?

$$= \frac{110 \times 100 \times 180x}{100}$$

$$= \frac{110 \times 180x}{100}$$

$$= 198x$$

શર્ટ તથા પાટલુનનું કાપડ વેચતાં મળતી રકમ ₹ 36,600 છે.

$\Rightarrow 168x + 198x = 36600$

$\Rightarrow 366x = 36600$

$\Rightarrow x = \frac{36600}{366}$

$\Rightarrow x = 100$

તેથી, શર્ટનું કાપડ = $3x = 3 \times 100 = 300$ મીટર

અને પાટલુનનું કાપડ = $2x = 2 \times 100 = 200$ મીટર થશે.

**8. હરણના એક ઝુંડમાંથી અડધાં હરણ ખેતરમાં ચરી રહ્યાં છે. બાકી બચેલાં હરણના ત્રણ ચતુર્થાંશ ભાગનાં હરણ ઊછળકૂદ કરી રહ્યાં છે અને બાકીના 9 હરણ તળાવમાંથી પાણી પી રહ્યાં છે, તો ઝુંડમાં રહેલા હરણની સંખ્યા શોધો.**

જ. ધારોકે હરણના ઝુંડમાં રહેલાં હરણની સંખ્યા $x$ છે.

તેથી ખેતરમાં રહેલા હરણની સંખ્યા $\frac{x}{2}$ થાય.

હરણની સંખ્યા = ખેતરમાં રહેલા હરણ + બચેલાં હરણના ત્રણ ચતુર્થાંશ ભાગનાં હરણ + 9

$\Rightarrow x = \frac{x}{2} + \frac{3}{4} \times \left(x - \frac{x}{2}\right) + 9$

$\Rightarrow x = \frac{x}{2} + \frac{3}{4} \times \left(\frac{2x - x}{2}\right) + 9$

$\Rightarrow x = \frac{x}{2} + \frac{3}{4} \times \frac{x}{2} + 9$

$\Rightarrow x = \frac{x}{2} + \frac{3x}{8} + 9$

$\Rightarrow x - \frac{x}{2} - \frac{3x}{8} = 9$

$\Rightarrow \frac{8x - 4x - 3x}{8} = 9$

$\Rightarrow \frac{x}{8} = 9$

$\Rightarrow x = 9\times8$

$\Rightarrow x = 72$

તેથી, ઝુંડમાં રહેલા હરણની સંખ્યા 72 હશે.

**9. દાદાજીની ઉંમર તેમની પૌત્રીની ઉંમર કરતાં દસ ગણી વધારે છે. જો તેમની ઉંમર અને તેમની પૌત્રીની ઉંમર કરતાં 54 વર્ષ વધારે હોય તો બંનેની ઉંમર શોધો.**

જ. ધારોકે પૌત્રીની ઉંમર $x$ વર્ષ છે. તેથી, દાદાજીની ઉંમર $10x$ વર્ષ થાય.

દાદાજીની ઉંમર તેમની પૌત્રીની ઉંમર કરતાં 54 વર્ષ વધારે છે.

$\Rightarrow 10x = x+54$

$\Rightarrow 10x-x = 54$

$\Rightarrow 9x = 54$

$\Rightarrow x = \frac{54}{9}$

$\Rightarrow x = 6$

તેથી, પુત્રીની ઉંમર 6 વર્ષ તેમજ દાદાજીની ઉંમર $10x = 10 \times 6 = 60$ વર્ષ થશે.

**10. અમનની હાલની ઉંમર તેના પુત્રની હાલની ઉંમર કરતાં ત્રણ ગણી છે. 10 વર્ષ પહેલાં તેની ઉંમર તેના પુત્રની ઉંમર કરતાં પાંચગણી હોય તો તેમની હાલની ઉંમર શોધો.**

જ. ધારોકે અમનના પુત્રની હાલની ઉંમર $x$ વર્ષ છે.

અમનની હાલની ઉંમર તેના પુત્રની હાલની ઉંમર કરતાં ત્રણ ગણી છે.

તેથી અમનની ઉંમર $3x$ વર્ષ થાય.

10 વર્ષ પહેલાં અમનની ઉંમર $3x-10$ વર્ષ થાય તેમજ તેના પુત્રની ઉંમર $x-10$ વર્ષ થાય.

10 વર્ષ પહેલાં અમનની ઉંમર તેના પુત્રની ઉંમર કરતાં પાંચગણી થાય છે.

$\Rightarrow 3x-10 = 5(x-10)$

$\Rightarrow 3x-10 = 5x-50$

$\Rightarrow 3x-5x = -50+10$

$\Rightarrow -2x = -40$

$\Rightarrow x = \frac{-40}{-2}$

$\Rightarrow x = 20$

તેથી, અમનના પુત્રની ઉંમર 20 વર્ષ તેમજ અમનની ઉંમર $3x = 3 \times 20 = 60$ વર્ષ થાય.